GOVERNMENT ARTS COLLEGE SUIGAM (VAV-THARAD

સરકારી વિનયન કૉલેજ, સુઈગામ

મુ. પો. સુઈગામ રબારીવાસ પ્રાથમિક શાળા, તા.-સુઈગામ, જિ.-વાવ-થરાદ પીનકોડ નં.- ૩૮૫૫૩૦.

સ્થાપના વર્ષ-૨૦૧૮ ઈ-મેઈલ : gacsuigam2019@gmail.com URL : Web.https://gacsuigam.org.in/

જા.નં.:- સવક / ૨૦૨૬ /૨૯૨

તા.૦૪/૦૮/૨૦૨૬

## Innovation Awareness and POC Mentoring Workshop નો અહેવાલ

સરકારી વિનયન કોલેજ, સુઈગામ ખાતે તા.૦૪/૦૮/૨૦૨૬ ના રોજ આચાર્યશ્રી ડૉ. માલા બી શર્માના માર્ગદર્શન હેઠળ ઇનોવેશન સેલ (Innovation Cell) અને SSIP 2.0 ના સંયુક્ત ઉપક્રમે Innovation Awareness and POC Mentoring Workshop નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.ઇનોવેશન સેલ અને SSIP 2.0 ના કૉ-ઓર્ડિનેટર અસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. હર્ષદભાઈ જે. ચૌહાણ દ્વારા તમામ વિદ્યાર્થીઓ, સ્ટાફ ગણને આવકારેલ.તેમજ કાર્યક્રમ ની માહિતી આપવામાં આવી. ત્યારબાદ કાર્યક્રમના વક્તા દમયંતીબેન ચૌધરીનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે દમયંતીબેન ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને Innovation (નવાચાર), નવીન·વિચારસરણી અને POC (Proof of Concept) અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે કોઈપણ સમસ્યાને નવી દૃષ્ટિથી સમજીને તેનો સરળલ ઉપયોગી અને વ્યવહારુ ઉકેલ શોધવો એ જ સાચું ઇનોવેશન છે.

તેમણે વિદ્યાર્થીઓને સ્થાનિક સમસ્યાઓની ઓળખ કરી તેના આધારે નવીન વિચારો વિકસાવવાલ પ્રોટોટાઇપ તૈયાર કરવા અને તેને POC સ્વરૂપે રજૂ કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. ઉપરાંતલ સામાજિકલ શૈક્ષણિક અને ગ્રામ્ય વિસ્તારોને લગતી સમસ્યાઓના સર્જનાત્મક ઉકેલો શોધવા માટે વિવિધ ઉદાહરણો દ્વારા માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઇનોવેશન સેલ અને SSIP 2.0 ના કૉ-ઓર્ડિનેટર અસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. હર્ષદભાઈ જે. ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કોલેજના અધ્યાપકશ્રીઓલ સ્ટાફ મિત્રો તેમજ ૬૪ વિદ્યાર્થી ભાઈ-બહેનો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓએ વિષય સંબંધિત પ્રશ્નો પૂછીને સક્રિય સહભાગિતા દર્શાવી હતી.

અંતમાં દક્ષાબેન કુંભાર દ્વારા વક્તાશ્રીનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. તેમણે વિદ્યાર્થીઓને નવીન વિચારો વિકસાવવાલ સંશોધનાત્મક અભિગમ અપનાવવા અને સમાજ ઉપયોગી પ્રોજેક્ટ તૈયાર કરવા માટે પ્રેરણા આપી હતી.મગ્ર કાર્યક્રમ ઇનોવેશન જાગૃતિ અને POC માર્ગદર્શનના હેતુ સાથે સફળતાપૂર્વક અને સુચારુ રીતે સંપન્ન થયો હતો.

Govt. Arts College, Suigam * Dist. Banaskantha * સત્યમેવ જયતે

For Principal
Govt. Arts College
Suigam, Dist.Banaskantha